## દુંદાળા દેવના દર્શન



નાલંદા સોસાયટી (બાલાસિનોર)


મંગલમૂર્તિ લાંબી શેરી (કપડવંજ)


શિવનેરી ગણેશ મંડળ (કપડવંજ)


મોટા નાગરવાડા (કપડવંજ)


32 કોઠાની વાવ (કપડવંજ)


લોકમાન્ય તિલક ધોળીકુઇ (કપડવંજ)


સુથારવાડાના ચકલા (કપડવંજ)


અષ્ટવિનાયક યુવક મંડળ (કપડવંજ)


રાણા પોળ (કપડવંજ)


કાછીયાવાડ (કપડવંજ)


રત્નાકર માતા રોડ (કપડવંજ)


સનફ્લાવર વેલી (આણંદ)


કૃપાલુ રેસીડેન્સી, મોગરી


જલાવંદન ફ્લેટ, વિદ્યાનગર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

ખંભાતમાં વહીવટી તંત્રની બેદરકારીથી 'કામ ચાલુ છે' તેવું બોર્ડ યથાવત

# ખંભાત શહેરના કોલેજ રોડનું સમારકામ 3 માસથી અટક્યું

**ગટરલાઈન** નાખવા હેતુસર ખોદેલ રોડ તંત્રની લાપરવાહીના કારણે ધોવાઈ ગયો

(પ્રતિનિધિ) ખંભાત તા 31

ખંભાત શહેર કોલેજ રોડ પર ગિરીરાજ પાર્ક પાસે છેલ્લા 3 માસથી કામ ચાલુ છે તેવો બોર્ડ ઉભું કરી દેવામાં આવ્યું છે. પરતુ કામગીરી પૂર્ણ કરવામાં છેલ્લા ત્રણ મહિનાથી તંત્ર ઠાગાઠૈયા કરી રહ્યું છે. ખંભાતના કોલેજ વિસ્તારમાં ધોવાઈ ગયેલા રોડના સમારકામ કાર્ય શરૂ કરવા તસ્દી લેવાઈ નથી. હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓથી અને વાહચાલકોથી ધમધમતા માર્ગ પર સત્વરે કામ શરૂ કરી પૂર્ણ કરવાની માંગ ઉઠી છે.




પ્રાપ્ત વિગતો મુજબ પાલિકા દ્વારા ગટરલાઈન નાખવા હેતુસર ખોદેલ રોડ તંત્રની લાપરવાહીના કારણે ધોવાઈ ગયો હતો . આવી વિકટ સ્થિતિનિ કારણે કોલેજ રોડ પર 6 ફૂટ પહોળાઈના ખાડાઓ પડી ગયા છે.જેમાં કાર સહીત બે જેટલાં એક્ટિવાચાલકો ખાબકતા ઈજાઓ પણ પહોંચી હતી. ત્યારબાદ તેમાં કામચલાઉ પુરાણ કરી કામ ચાલુ છે તેવો બોર્ડ ઉભું કરી તંત્રે સંતોષ માન્યો છે. પણ લોકોને પારાવાર હાલાકી ભોગવવી પડી રહી છે. .3 માસનો સમય વીત્યા છતાંય કામ શરૂ કે પૂર્ણ પણ કરવામાં આવતું નથી. પરંતુ કામ ચાલુ છે તેવો બોર્ડ ઉભું રાખતા આશ્વર્ય ફેંલાયુ છે. છેલ્લા ઘણા મહિનામાંથી કોલેજ રોડ પરથી અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓ પણ કામ ચાલુ છે તેવો બોર્ડ નજરે જોઈ રહ્યા છે પરંતુ કોઈ કામ ચાલુ કે પૂર્ણ પણ ન કરતા પાલિકા તંત્રની કામગિરી વિદ્યાર્થી જગતમાં પણ હાસ્યાસ્પદ બની છે.

# કપડવંજ શહેરમાં લટકતી દિવાલો ભયજનક બની!

**બીએસએનએલની** દિવાલને અડીને આવેલી દિવાલ પડુ પડુ થઇ રહી છે

(પ્રતિનિધિ) કપડવંજ તા.31

કપડવંજમાં થોડા સમય પહેલા પાલિકા દ્વારા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન અધુરી કામગીરીના કારણે કેટલીક દિવાલો ભયજનક સ્થિતિમાં ઉભી છે.

કપડવંજ પાલિકા દ્વારા થોડા સમય પહેલા દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તે સમયે મીના બજારમાં આવેલા રોહિતવાસ તરફ જવાના રસ્તે બીએસએનએલની દિવાલને અડકીને તોડવામાં આવેલી દુકાનો પૈકી ઘણી દુકાનો એવી છે કે બીએસએનએલ તરફની દિવાલને અડકીને



આવેલી આ દુકાનોની દિવાલ તોડ્યા વગરની રાખવામાં આવી છે. જેને કોઈ આધાર નથી. કારણ કે બીએસએનએલની સ્વતંત્ર દિવાલ અને તોડવામાં આવેલી દીવાલોની વચ્ચે ગેપ રહેલી છે. આ રસ્તો હવે પરિપૂર્ણ કરવામાં આવ્યો છે. રાહદારીઓની અવરજવર સાથે ત્રણ પૈડા અને ચાર પૈડાવાળા વાહનો પણ અહીંથી પસાર થાય છે. તેવા સમયે આ અધ્ધર આધાર વગર લટકી રહેલી દીવાલો ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી શક્યતાઓ રહેલી છે.

# ઉંદેલ સેવા સહકારી મંડળીના સભાસદોને શેર વિતરણ કરાયા

**સાધારણ** સભામાં ખંભાત ધારાસભ્ય ચિરાગભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ

(પ્રતિનિધિ) ખંભાત તા.31

ખંભાત તાલુકાના ઉંદેલ ગામની સેવા સહકારી મંડળીની સાધારણ સભામાં યોજાઈ હતી. સાધારણ સભામાં ખંભાત ધારાસભ્ય ચિરાગભાઈ પટેલના હસ્તે મંડળીના સભ્યોને શેર વિતરણ કરવામાં આવ્યા હતા. સાધારણ સભા દરમિયાન સરપંચ નવીનસિંહ સોલંકી, સેવા સહકારી મંડળીના ચેરમેન અમરસિંહ ઝાલા, વાઈસ ચેરમેન વિઠ્ઠલભાઈ પટેલ, કારોબારી સભ્યો, દૂધ મંડળીના ચેરમેન બળદેવભાઈ, વા. ચેરમેન વીજયભાઈ જાદવ તથા સભાસદો અને ગ્રામજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.તેમજ ધારાસભ્ય ચિરાગભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.




સભા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને સહકારી મંત્રી અમિતભાઇ શાહ દ્વારા સહકારથી સમૃદ્ધિના અભિગમને સાકાર કરવા વિવિધ યોજનાઓનો લાભ લેવા આહવાન કરવામાં આવ્યું હતું.

## નેશનલ સ્પોર્ટ્સ ડે સેલિબ્રેશન : આણંદ ખાતે સાયકલ રેલી



ખેલરત્ન મેજર ધ્યાનચંદજીની જન્મજયંતિની ત્રી -દિવસીય નેશનલ સ્પોર્ટ્સ ડે સેલિબ્રેશન થકી ઊજવણી કરાઇ રહી છે, ત્યારે આણંદ ખાતે સન્ડે ઓન સાઇકલ કાર્યક્રમ અંતર્ગત કરમસદ આણંદ મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર આણંદના સંયુક્ત ઉપક્રમે નાયબ મુખ્ય દંડક રમણભાઈ સોલંકીની વિશેષ ઉપસ્થિતિમાં આણંદ ટાઉન હોલથી શાસ્ત્રી મેદાન વલ્લભ વિદ્યાનગર સુધી સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાયકલ રેલીમાં જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ, કરમસદ આણંદ મહાનગરપાલિકાના કમિશનર મિલિંદ બાપના,જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણી, નિવાસી અધિક કલેક્ટર આર. એસ.દેસાઈ, નાયબ મ્યુનિસિપલ કમિશનર નિલાક્ષ મકવાણા, એસ. કે. ગરવાલ, નાયબ પોલીસ અધિક્ષક જે. એન. પંચાલ, પદાધિકારીઓ, રમતવીરો સહિત કરમસદ આણંદ મ્યુનિસિપલ કોર્પોરેશના અધિકારીઓ,પોલીસ કર્મીઓ, વિવિધ કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## આણંદની એનએસ પટેલ આર્ટસ કોલેજમાં વીર કવિ નર્મદની જન્મજયંતી ઉજવાઈ

**આણંદ** | એનએસ પટેલ આર્ટસ (ઓટોનોમસ) કોલેજના ગુજરાતી વિભાગ દ્વારા ડો.વનલતાબેન ભટ્ટ સાહિત્ય - સર્જનાત્મક સંકુલના ઉપક્રમે ગુજરાતી સાહિત્યના વીર કવિ નર્મદની જન્મજયંતી ઉજવવામાં આવી હતી. આ કાર્યક્રમના આરંભે ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો. એમ. કે. ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે કોલેજનાં કાર્યકારી આચાર્યા ડો.પ્રતીક્ષાબેન પટેલે કવિ નર્મદના સાહિત્ય પર વિચારો રજૂ કર્યા હતા. બાદમાં ગુજરાતી વિષયના વિદ્યાર્થી ભાઈ- બહેનોએ વીર કવિ નર્મદના જીવન વિશે તથા તેમના વિવિધ સાહિત્યસર્જન અંગે વાત કરી હતી. આ પ્રસંગે ગુજરાતીનાં પ્રાધ્યાપિકા ડો. નીલાબેન ચંપાવતે કવિ નર્મદના જીવનનાં વિવિધ પાસાંઓ પર વિગતે વાત કરી હતી. જ્યારે પ્રાધ્યાપક ડો. બી.બી. વાઘેલાએ કવિ નર્મદની સમાજ સુધારાની પ્રવૃત્તિનો પરિચય આપ્યો હતો.



## સરદાર પટેલ વિશ્વ વિદ્યાલયનો સુવર્ણ ઇતિહાસ લખનારા પ્રિ.બી.એન. ગાંધીનું સન્માન કરાયું

**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગ દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટીનો સુવર્ણ ઇતિહાસ લખનારા લેખક પ્રિ. બી. એન. ગાંધીનો સત્કાર સમારંભ અનુસ્નાતક સંસ્કૃત વિભાગના કાર્યકારી વડા પ્રો. મહેન્દ્ર નાઈના અધ્યક્ષપણા હેઠળ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રિ. બી. એન. ગાંધીની નાદુરસ્ત તબિયતના કારણે તેમના પ્રતિનિધિ તરીકે સુરેશ ચૌધરી, ઇતિહાસ વિભાગના વડા જિગીષ પંડ્યા, વિભાગના ભૂતપૂર્વ વડા રોહિત પંડ્યા ઉપસ્થિત રહ્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ 2005માં સરદાર પટેલ યુનિવર્સિટીની સ્થાપનાને 50 વર્ષ પૂર્ણ થતા હતા ત્યારે તત્કાલીન કુલપતિ પ્રો. પ્રવીણ જ. પટેલ દ્વારા યુનિવર્સિટીનો ઇતિહાસ લખવાની કામગીરી અનુસ્નાતક ઇતિહાસ વિભાગને સોંપવામાં આવી હતી.



## આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેડૂતો માટે નર્સરી ઉછેર તાલીમ કાર્યક્રમ યોજાયો

**આણંદ** | ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિસ્ટન્સ એજ્યુકેશન, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી અને બાગાયત મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટીના સંયુકતે ઉપક્રમે બાગાયત મહાવિદ્યાલય ખાતે નર્સરી ઉછેર અંગેનો ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મધ્ય ગુજરાતના આણંદ, ખેડા, અમદાવાદ અને છોટાઉદેપુર જિલ્લાઓમાંથી નર્સરી ઉછેરની તાલીમ લેવા માંગતા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમના ઉદઘાટન દરમ્યાન વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. જે. કે. પટેલ દ્વારા નર્સરીનું જ્ઞાન મેળવી પોતાની નર્સરી શરૂ કરવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે બાગાયત મહાવિદ્યાલયના આચાર્ય ડો. એન. આઇ. શાહે નર્સરીનું મહત્વ સમજાવ્યું હતું.



## આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલ ખેતીવાડી ખાતે વાલી મીટીંગ યોજાઇ

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલ ખેતીવાડી આણંદ ખાતે વાલી મીટીંગ તેમજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ધો. 9 થી 12 ના તમામ વાલીઓએ પોતાના સંતાનોના પરિણામ, હાજરી તેમજ નિયમિતતા અને શિસ્તનું મૂલ્યાંકન નિહાળ્યું હતું. તમામ શિક્ષકોએ વાલીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલ ખેતીવાડી તેમજ ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહકારથી રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ 25 વાલીઓ તેમજ શિક્ષકોએ રક્તદાન કર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય યોગેશભાઈ પટેલે તમામ વાલીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.



## મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના માર્ગો અંબાજી સંઘોથી ઉભરાયાં

**ખાનપુર** | ખાનપુર તાલુકામાંથી યાત્રાધામ અંબાજીને જોડતા અનેક રસ્તાઓ પસાર થાય છે. આગામી ભાદરવી પૂનમને અનુલક્ષીને આ રસ્તાઓ પરથી દાહોદ, ઝાલોદ, સંતરામપુર, ગોધરા, શહેરા, લુણાવાડા વિગેરે વિસ્તારના સંખ્યામાં યાત્રાળુ સંઘો પગપાળા પસાર થઈ રહ્યા છે. સમગ્ર રસ્તાઓ માનવમહેરામણથી ઉભરાઇ બોલ મારી અંબે જય જય અંબેના નારાઓથી ગુંજી સમગ્ર વાતાવરણ ધાર્મિકમય બની ગયું છે. આ પગપાળા યાત્રાળુઓ માટે શ્રધ્ધાળુ માઈ ભક્તો દ્વારા ઠેર ઠેર વિસામાઓ ઉભા કરીને તેઓને જમવાથી લઈ આરોગ્ય લક્ષી મફત સગવડ આપવામાં આવે છે. મા અંબાની ધૂન અને ગરબાની રમઝટ બોલાવી મા અંબા પ્રત્યેની શ્રદ્ધામાં વધારો કરી અનેરૂં વાતાવરણ ઉભું કરે છે.



## આણંદ શહેરની કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા યોજાઈ



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલય ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વેસ્ટ માંથી બેસ્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું. વિદ્યાર્થિની બહેનોએ વેસ્ટ વસ્તુઓમાંથી અવનવા નમૂના બનાવી પોતાની કલાકૃતિનું પ્રદર્શન કર્યું હતું. ભાગ લેનાર અને નંબર પ્રાપ્ત કરનાર સર્વે વિદ્યાર્થીની બહેનોને સંસ્થાના મંત્રી કેતનભાઇ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મહેશ દાદા, આચાર્યા નિરાલીબેન ખંડેલવાલ, સુપરવાઇઝર અમિતભાઈ પટેલ તથા શિક્ષક મિત્રો તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## કપડવંજ લાયન્સ ક્લબના પદાધિકારીઓને વર્ષ 2024 - 25 માટે વિવિધ એવોર્ડ્ઝ એનાયત

**કપડવંજ** | કપડવંજ લાયન્સ ક્લબના વિવિધ પદાધિકારીઓને ઇન્ટરનેશનલ ડિરેક્ટર લાયન રમેશ પ્રજાપતિ તથા ડિસ્ટ્રીક્ટ 3232F1ના તત્કાલીન પીડીજી મનોજ પરમાર ગોલ્ડન ડિસ્ટ્રિક્ટ વર્ષના ભૂપુડી વિજયસિંહ ઉમટ અને અન્ય પૂર્વ ગવર્નર્સ જયંતીલાલ પટેલ, પ્રભુદયાલ વર્મા, જે. પી. ત્રિવેદી, ભરત શાહ, ડો. ઉપેન દીવાનજીની ગેલેક્સીની ઉપસ્થિતિમાં એવોર્ડ્સ અર્પણ કરવામાં આવ્યાં હતાં કે જેમાં ડિસ્ટ્રીક્ટ ચેરમેન લાયન કીર્તન કે. પરીખને લાયન્સ ક્લબસ આંતરરાષ્ટ્રીય પ્રમુખ ફેબ્રિસીઓ ઓલીવેરીયા દ્વારા એપ્રિસિયેશન સર્ટિફિકેટ તેમજ ગોલ્ડ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.




## કપડવંજ તાલુકાના આતરસુંબા મુકામેથી જય અંબે પગપાળા સંઘનું અંબાજી પ્રયાણ

**કપડવંજ** | આતરસુંબા ગામેથી જય અંબે પગપાળા સંઘ દ્વારા માતાજીની ધજાની શોભા યાત્રા નીકળી હતી. ડીજેના સાઉન્ડ સાથે અંબાજી મંદિરથી નીકળી દરવાજા બહાર ડેરી તરફ પટેલ વાડા થઈ બજારમાં નીકળી હતી. વાજતે ગાજતે નીકળેલી આ શોભાયાત્રાને ગ્રામજનો દ્વારા ભાવભીની વિદાય આપવામાં આવી હતી. સંઘના આયોજક મુન્નાભાઇ બાપજી અને અન્ય કાર્યકરો દ્વારા અંબાજી પગપાળા સંઘ રવાના થયો અને ગામના ડેપ્યુટી સરપંચ મેહુલભાઈ પરીખ દર સાલની જેમ પગપાળા સંઘમાં નિસ્વાર્થ સેવા આપી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા 25 વર્ષથી આતરસુબાથી દરસાલ ભાદરવા મહિનામાં ગામના જ માતાજી મંદિરે માથું ટેકવા જાય છે શોભાયાત્રામાં ગ્રામજનો જોડાયા હતાં.



## પેટલાદ તાલુકાની મોરડ પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર પર્વ નિમિત્તે ધ્વજવંજન કરાયું

**પેટલાદ** | મોરડ પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ગામના સરપંચ રાજેન્દ્રભાઈ પરમારના પ્રમુખ સ્થાને શાળાના આચાર્ય મનીષભાઇ સુથાર, શાળાના શિક્ષકો, ગ્રામ પંચાયતનાં સભ્યો, આંગણવાડીના કાર્યકર બહેનો, દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન તથા સેક્રેટરી, ગામમાંથી મોટી સંખ્યામાં પધારેલા વાલીઓ તેમજ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ભવ્ય રીતે કરવામાં આવ્યો હતો. ધ્વજવંદન વિધિ શાળાની વિદ્યાર્થિની દ્વારા કરવામાં આવી હતી અને શાળાના ત્રણ વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં સ્વાતંત્ર્ય દિવસના મહત્વની ખૂબ જ સુંદર રજૂઆત કરવામાં આવી હતી.

